અપીલ અરજી નં.૫૫ તા.૧૪–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અનવરખાન હિદાયતખાન પઠાણ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવરખાન હિદાયતખાન પઠાણની તા.૨૪–૨–૧૦ની અરજીથી (૧) મે.કમિશ્નર સાહેબ, સુરત મ.પા.ને તા.૨૦–૫–૦૯ નાં રોજ તોડી પાડવા માટે હુકમ કરેલ તેની માહિતી. (૨) તા.૧૦–૧૨–૦૯ નાં રોજ મહે.મ્યુ. કમિશ્નર સાહેબશ્રીએ વિજિલન્સ વિભાગને તપાસની માહિતી. (૩) તા.૧૦–૯–૦૯ નાં રોજ ગેરકાયદેસર દબાણ દુર કરવા અંગે ગાંધીનગર તથા કલેકટરશ્રીએ કરેલ હુકમ અનુસાર એની કામગીરી અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૫–૧૦ ની **SMC/FAP/** નં.૫૫/૨૦૧૦–૧૧

શ્રી અનવરખાન હિદાયતખાન પઠાણની તા.૨૪–૨–૧૦ ની અરજીથી (૧) મે.કમિશ્નર સાહેબ, સુરત મ.પા.ને તા.૨૦–૫–૦૯ નાં રોજ તોડી પાડવા માટે હુકમ કરેલ તેની માહિતી. (૨) તા.૧૦–૧૨–૦૯ નાં રોજ મહે.મ્યુ. કમિશ્નર સાહેબશ્રીએ વિજિલન્સ વિભાગને તપાસની માહિતી. (૩) તા.૧૦–૯–૦૯ નાં રોજ ગેરકાયદેસર દબાણ દુર કરવા અંગે ગાંધીનગર તથા કલેકટરશ્રીએ કરેલ હુકમ અનુસાર એની કામગીરી અંગેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૨૯ તા.૬–૪–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને સપ્તાહ ઉપરાંતના વિલંબથી તા.૧૪–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૦ તા.૨૧–૫–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મુળ અરજીની તા.૧૪–૫–૧૦ દર્શાવેલ છે. તે મુજબ અપીલનો સમય થતો નથી. મુળ અરજી તા.૨૪–૨–૧૦ છે તે ધ્યાને લેતા લગભગ સપ્તાહ ઉપરાંતના વિલંબથી અપીલ કરેલ છે. જે અંગે વાજબીપણા સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સે.ઝોન/ આરટીઆ/આ.નં.૩૩૦ તા.૫–૬–૧૦ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને પત્ર નં.સેઝોન/આરટીઆઈ/જાવક/૧૭૩૭ તા.૫–૩–૧૦ થી તબદીલ થયા અંગેના પત્રની નકલ,મ. જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૦૪ તા.૧૮–૩–૧૦ થી કરેલ તબદીલ પત્રની નકલ ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૯ તા.૬–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૭–૫–૧૦ ના રોજ મળેલ પત્રમાં અરજદારે તેમની તા.૨૪–૨–૧૦ ની અરજી બાબતે અપીલ અરજી કરેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૦ ની અરજીથી મુદ્દાનં.૧ થી ૪ ની માહિતી અરજી જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગ અને વીજીલન્સ એન્ડ ઈન્સ પેકશન ઓફિસરને પત્ર નં.સેઝોન/આરટીઆઈ/જાવક/૧૭૩૭ તા.૫–૩–૧૦ થી કલમ–૬(૩) થી ઠરાવેલ સમય અવધિ બાદ વિલંબથી તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ મ. જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૦૪ તા.૧૮–૩–૧૦ થી પણ વિલંબથી પરત તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૯ તા.૬–૪–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) મે.કમિશ્નર સાહેબ, સુરત મ.પા.ને તા.૨૦–૫–૦૯ નાં રોજ તોડી પાડવા માટે હુકમ કરેલ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મે. કમિ.શ્રીએ તા.૨૦–૫–૦૯ ના રોજ " ગોપીપુરા ૩૫૯૯–૩૬૦૦ મોમનાવાડના ઝુંપડા ભેસ્તાન ખાતે સ્થળાંતર કરવા ધ્યાને લેવા" નોંધ કરેલ છે. તેવું જણાવેલ છે. (૨) તા.૧૦–૧૨–૦૯ નાં રોજ મહે.મ્યુ. કમિશ્નર સાહેબશ્રીએ વિજિલન્સ વિભાગને તપાસની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મે.કમિ.શ્રીએ તા.૨૦–૫–૦૯ ના રોજ વીજીલન્સ વિભાગને સોંપેલ તપાસ અન્વયે વોર્ડ નં.૨/૩૫૯૯,૩૬૦૦ વાળી જગ્યા તથા તેની ફરતેની રસ્તા પૈકીની સરકારી જગ્યામાં બંધાયેલ ઝુંપડાનો " ઝુંપડા શીફટીંગ કાર્યક્રમ " હેઠળ સમાવેશ કરવા તથા આગળની કાર્યવાહી ઝડપથી કરવા સેન્ટ્રલઝોન પ્રતિ જણાવેલ છે. જે અંગે સેન્ટ્રલઝોન ધ્વારા કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. તેવું જણાવેલ છે. (૩) તા.૧૦–૯–૦૯ નાં રોજ ગેરકાયદેસર દબાણ દુર કરવા અંગે ગાંધીનગર તથા કલેકટરશ્રીએ કરેલ હુકમ અનુસાર એની કામગીરી અંગેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૯–૦૯ ના રોજ ગેરકાયદેસર દબાણ દુર કરવા અંગે ગાંધીનગર તથા કલ ે.શ્રીએ કરેલ હુકમ અંગે ઝોન કચેરીનો સંલગ્ન ઉપલબ્ધ દફતરી રેકર્ડ ચકાસતાં માંગેલ માહિતી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. (૪) દાવા નં.૩૦૦/૮૩ થી કરેલ દાવો કોર્ટે રદ કરેલ હોય તેમજ તે ડીમોલીશન કરવા મે.

કમિ.શ્રી તથા શહેર વિકાસ અધિકારીએ જમીન નં.૩૫૯૯–૩૬૦૦ જેના પર ગેરકાયદેસર બાંધકામ દુર થયેલ ન હોય જેમા કલે.શ્રીએ પણ તોડી પાડવાનો હુકમ કરેલ છે તેમ છતાં ડીમોલીશન થયેલ નથી તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રે.દિ.મુ.નં. ૩૦૦/૮૩ થી થયેલ દાવામાં વાદીએ માંગેલ મનાઈ હુકમ તા.૨૮–૯–૮૭ ના રોજ રદ થયેલ છે. પરંતુ વોર્ડ નં.ર /૩૫૯૯–૩૬૦૦ વાળી જગ્યા બાબતે વધુ ત્રણ કોર્ટ મેટર રે.દિ.મુંનં.૫૩૧ /૯૯, ૩૪૫/૯૯ તથા ૫.સી. અપીલ નં.૧૦૦/૨૦૦૦ થી નોંધાયેલ છે. જે હાલમાં પેન્ડીંગ છે. પ્રશ્નવાળી મિલ્કત અંગે ઉપરોકત મુદ્દા નં.૩ થી જણાવ્યા મુજબ કલે.શ્રી એ કરેલ હુકમ અંગે ઝોન કચેરીનો સંલગ્ન ઉપલબ્ધ દફતરી રેકર્ડ ચકાસતાં માંગેલ માહિતી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ પર નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૪–૫–૦૯ ના રોજ સીટી સર્વે નં.૮/૯૨૭ અનવરખાન માલિક છે આ રીતે આ મિલ્કતનો નંબર લઈને ખોટો બનાવટી દાવો કરી મનાઈ હુકમ મેળવવા ખોટી રજૂઆત કરી (૧) યુસુફખાન સરખરખાન (૨) શેખ અબ્દુલાશેખ માસીમ (૩) યુસુયખાન સરખાન (૪) નુરુખાન લાલખાનનાઓએ અમારા નંબરનો ઉપયોગ કરી મનાઈ લીધેલ છે. સદર મિલ્કતનો મનાઈ તથા દાવો પણ વોર્ડ નં.૨/૩૫૯૯ તથા ૩૬૦૦ વાળી મિલ્કતની સામે હુકમ થયેલ છે અને મજકુર જમીન સરકારી જમીન છે તથા અમારી દાવાવાળી મિલ્કત વોર્ડ નં.૮ નોંધ નં.૩૨૭ સામે સદર જમીનો ચાલી આવેલ છે સદર દાવો તથા મનાઈ હુકમ ઉઠી ગયેલ છે. સદર દાવાના કામે વકીલ શ્રી ચલીયાવાળા હતાં તે દાવો ૩૦૦/૮૩ નો દાખલ કરેલ હતો. તેવું જણાવી તા.૧૪–૫–૧૦ ના રોજ સપ્તાહ ઉપરાંતના વિલંબથી અપીલ અરજી કરેલ છે. અપીલના વિલંબ અંગે અરજદારે હાર્ટના પેશન્ટ હોવાથી અપીલ કરવામાં ડીલે થયેલ છે. તેવું જણાવેલ છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૨૯ તા.૬–૪–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા વીજીલન્સના પત્ર નં.વીઆઈડી/૧૬૮૫ તા.૩–૩–૧૦ થી અરજદારને સરદ માહિતી આપેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારની અપીલમાં મિલ્કતના નંબરનો બનાવટી દાવા અંગેની રજૂઆત તકરાર નિવારણને લગતી છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો તેમની તકરાર નિવારણને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતં ત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશનર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનવરખાન હિદાયતખાન પઠાણ,